ગુજરાત સાહિત્ય અકાદમી
ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી સાહિત્ય અકાદમી
(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર)
પહેલો માળ, અભિલેખાગાર ભવન,
સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭.
ફોન : ૦૭૯-૨૩૨ ૫૬૭૯૭ / ૯૮

GUJARAT SAHITYA ACADEMY
Gujarati, Hindi, Sanskrit, Sindhi, Urdu and Kutchi Sahitya Academy
(Sports Youth and Cultural Activities Department, Govt. of Gujarat)
First Floor, Abhilekhagar Bhavan,
Sector-17, Gandhinagar-382017
Phone : 079-23256797 / 98

# સેમિનાર (પરિસંવાદ) / અધિવેશન / કાર્યશાળા / શિબિર / કવિસંમેલન / ગોષ્ઠિ અંગેનાં નિયમો અને શરતો

**ખાસ નોંધ** :

૧. પરિસંવાદનું આયોજન કરનાર સંસ્થાએ સરકારશ્રીના કોવિડ-૧૯નાં છેલ્લાં જાહેરનામાનું તેમજ ગાઈડલાઈન અને નીતિ-નિયમોનું ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી રહેશે અને નિયમ અનુસાર ૫૦ લોકોની મર્યાદામાં આયોજન કરવાની મંજૂરી આપવામાં આવશે.

૨. પરિસંવાદનું આયોજન કરનાર સંસ્થાએ પોતાના વિસ્તાર/જિલ્લાના કલેકટરશ્રી અથવા મામલતદારશ્રી અથવા પોલિસ અધિકારીશ્રીની કાર્યક્રમનું આયોજન કરવા અંગેની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. તેમજ તે મંજૂરીપત્રની એક નકલ અકાદમીને મોકલવાની રહેશે. ત્યારબાદ જ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

૩. પરિસંવાદનું જે સ્થળે આયોજન કરવાનું હોય ત્યાં કોવિડ-૧૯ના નિયમ મુજબ જે તે સંસ્થાએ હેન્ડ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવાની રહેશે, આમંત્રિત વ્યક્તિઓને મોં પર માસ્ક પહેરીને જ પ્રવેશ આપવાનો રહેશે, તેમજ જરૂરી સામાજિક અંતર જાળવવાનું રહેશે.

**અકાદમીના કાર્યક્રમ સહાય અંગેની આ સંમતિ માટે નીચેના ધારાધોરણો અનુસરવાના રહેશે.**

૪. સેમિનારમાં રાજ્યકક્ષા, રાષ્ટ્રીયકક્ષા અને આંતરરાષ્ટ્રીય કક્ષાના એમ ત્રણમાંથી કોઈ એક રાખી શકાશે. **રાજ્ય કક્ષાનો સેમિનાર** ગુજરાત રાજ્ય પૂરતો સીમિત રહેશે. જેમાં વક્તાઓ અને શ્રોતાઓ રાજ્ય કક્ષાના અને સેમિનારની ભાષાનું માધ્યમ ગુજરાત રાજ્યમાં બોલાતી ભાષાઓ રહેશે. (દા.ત. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ઉર્દૂ, સિંધી, કચ્છી)

૫. **રાષ્ટ્રીય સેમિનાર** (પરિસંવાદ) ભારત દેશ પૂરતો સીમિત રહેશે. જેમાં વક્તાઓ અને શ્રોતાઓ ગુજરાત રાજ્ય ઉપરાંત ભારતનાં અન્ય રાજ્યોના પણ સામેલ કરવાના રહેશે. એમાંય ખાસ તો વક્તાઓ અન્ય રાજ્યના હોય તે વધારે ઇચ્છનીય છે. આવા સેમિનારની ભાષાનું માધ્યમ પણ જે ભાષાની અકાદમી દ્વારા ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હોય તે ભાષા ઉપરાંત હિન્દી, સંસ્કૃત, ઉર્દૂ, સિંધી અને અંગ્રેજી રહેશે.

૬. **આંતરરાષ્ટ્રીય સેમિનાર**/વેબિનાર વિશ્વ કક્ષાના રહેશે. જેમાં ભારતની સાથે અન્ય દેશોના વક્તાઓ અને શ્રોતાઓને સામેલ કરવાના રહેશે. આ સેમિનારની ભાષાનું માધ્યમ પણ હિન્દી, સંસ્કૃત, ઉર્દૂ, સિંધી, અને અંગ્રેજી રહેશે.

૭. **સેમિનારમાં યોજવામાં આવેલ વ્યાખ્યાનોમાં પ્રસ્તુત-કર્તા વક્તાઓએ ભાષાની ગરિમા જાળવવાની રહેશે. તેમજ રાજ્ય કે રાષ્ટ્રહિતને હાનિ ન પહોંચે તે ધ્યાન રાખવાનું રહેશે.**

૮. **સેમિનાર (પરિસંવાદ)માં પ્રારંભે અકાદમીના અધ્યક્ષશ્રી અથવા મહામાત્રશ્રીનું ઉદ્‌બોધન ખાસ રાખવાનું રહેશે.**

૯. **સેમિનાર/કાર્યક્રમનાં નિમંત્રણકાર્ડ, બેનર, સોવિનિયર વગેરેમાં "ગુજરાત સાહિત્ય અકાદમી અને સંસ્થાના સંયુક્ત ઉપક્રમે"ની પંક્તિનો ઉલ્લેખ તથા ગુ. સા. અકાદમીનો લોગો મૂકવાનો રહેશે.**

૧૦. ગુજરાતી સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી યોજાતા આ કાર્યક્રમનાં નિમંત્રણકાર્ડ ગુજરાતી ભાષામાં છાપવાના રહેશે. તેમજ સંસ્કૃત, હિન્દી, ઉર્દૂ, સિંધી, કચ્છી સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી યોજાતા કાર્યક્રમના નિમંત્રણ કાર્ડમાં જે તે ભાષાની સાથે ગુજરાતી ભાષાનો પણ ઉપયોગ કરવાનો રહેશે. નિમંત્રણ કાર્ડ **મોબાઈલ નંબર '૯૬૨૪૪૧૭૫૪૭'** ઉપર વોટ્સઅપ કરી ફાઈનલ કરાવાનું રહેશે.

૧૧. **સેમિનાર/કાર્યક્રમનાં નિમંત્રણકાર્ડમાં નિમંત્રક તરીકે આપની સંસ્થાના વડાની સાથે અકાદમીના મહામાત્રનું નામ અચૂક લખવાનું રહેશે. નિમંત્રણ કાર્ડ તૈયાર કરી અકાદમીના ઈ-મેઈલ પર મોકલી આપવાનું રહેશે.**

૧૨. સેમિનાર/કાર્યક્રમ પૂર્ણ થયે તેનો વિગતવાર અહેવાલ તથા વીડિયો રેકોર્ડિંગ હોય તેની સીડી/પેનડ્રાઈવ સાથે એક અઠવાડિયામાં તૈયાર કરી અકાદમી ખાતે મોકલી આપવાના રહેશે.

૧૩. સેમિનાર/કાર્યક્રમની પ્રસિદ્ધિ અર્થે જાણ ઓનલાઈન સોશ્યલ મીડિયામાં, સ્થાનિક અખબારોમાં તેમજ જિલ્લા માહિતી અધિકારીશ્રીને પણ કરવાની રહેશે.

૧૪. રજિસ્ટર્ડ સંસ્થાઓને જ સેમિનાર/કાર્યક્રમ કરવાની મંજૂરી આપવામાં આવશે. તે સિવાયની કોઈ સંસ્થા દરખાસ્ત કરશે તો તે અંગે અકાદમી વિચારણા કરી મંજૂરી આપશે.

૧૫. એક સંસ્થાને એક વર્ષમાં બે જ સેમિનાર/કાર્યક્રમ યોજવાની મંજૂરી આપવામાં આવશે. તેમ છતાં વિષય અને વક્તા યોગ્ય લાગશે તો તેમજ અગાઉ કરેલ ખર્ચ યોગ્ય જણાશે તો બીજા વધુ સેમિનાર/કાર્યક્રમની મંજૂરી આપવાનું અકાદમી વિચારી શકશે.

૧૬. વક્તાઓ સિવાય અન્ય પેપર રીડિંગ કરનાર, સેમિનારમાં ભાગ લેનાર કે ઉપસ્થિત રહેનાર સહભાગીઓને કોઈપણ પ્રકારનો ખર્ચ ચૂકવામાં આવશે નહીં. સંસ્થા ઇચ્છે તો પોતાની રીતે પુરસ્કાર આપી શકે છે. પરંતુ અકાદમી આવા કોઈ ખર્ચ મંજૂર કરશે નહીં.

૧૭. એક દિવસીય એક સેમિનાર/કાર્યક્રમમાં વધુમાં વધુ પાંચ વક્તાઓ રાખી શકાશે. તેમજ એક વક્તાને ઓછામાં ઓછો ૪૫ મિનિટનો સમય ફાળવવાનો રહેશે.

૧૮. **સેમિનાર/કાર્યક્રમ માટે અકાદમી દ્વારા ખરેખર ખર્ચના ૭૫% અથવા રૂ. ૫૦,૦૦૦/- બંનેમાંથી જે રકમ ઓછી હશે તે રકમ આર્થિક સહાય પેટે ચૂકવાશે. ઉક્ત નિયમ આ કાર્યક્રમ માટે લાગુ પડશે.**

૧૯. સેમિનાર(પરિસંવાદ)/કાર્યક્રમમાં નિમંત્રિત વક્તાઓ તેમજ તજજ્ઞોને અકાદમીના નિયમાનુસાર મહત્તમ રૂ. ૨,૦૦૦/- પુરસ્કાર તરીકે ચૂકવી શકાશે. રૂ. ૨,૦૦૦/-થી વધુ પુરસ્કારની રકમ ચૂકવવામાં આવશે તો તે કાર્યક્રમ ખર્ચમાં મજરે આપી શકાશે નહીં. જે વધારાનો ખર્ચ સંસ્થાએ ભોગવવાનો રહેશે.

૨૦. સેમિનાર/કાર્યક્રમના ખરેખર ખર્ચ તથા અન્ય ખર્ચનાં તમામ બિલો રજૂ કરવાનાં રહેશે. બિલોમાં રૂ. ૫૦૦/-થી વધુ રકમની પાછળ - આ કામગીરી/ખર્ચ સ્પર્ધાત્મક-ભાવ મેળવીને કરાવવામાં આવી છે. આ પ્રકારનું પ્રમાણપત્ર અચૂક આપવાનું રહેશે.

૨૧. સેમિનાર/કાર્યક્રમ ખર્ચનાં તમામ અસલ બિલો રજૂ કરવાના રહેશે. તથા તમામ વાઉચર તથા બિલો પર સંસ્થાના વડાના સહી-સિક્કા કરી રજૂ કરવાનાં રહેશે. જો બિલોની ઝેરોક્ષ નકલ રજૂ કરવામાં આવે તો તે અંગે ઝેરોક્ષ કેમ રજૂ કરવામાં આવે છે. તેનું પ્રમાણપત્ર અને ઝેરોક્ષની નકલમાં સંસ્થાના વડાના સહી અને સિક્કા કરવાના રહેશે.

૨૨. ચેક બનાવવા માટે સંસ્થાની ખાતાની વિગતો સાથે બિડવાની રહેશે. તેમજ સંસ્થાનું ખાતું જે બેન્કમાં કાર્યરત હોય તે બેન્કનો કેન્સેલેટ ચેક પણ આપવાનો રહેશે.

૨૩. કાર્યક્રમ/સેમિનાર અંગે સંસ્થાએ કરેલા ખરેખર ખર્ચનો હિસાબ અલગ રાખવાનો રહેશે. અને તે અકાદમીના અધિકારી કે તેમના પ્રતિનિધિ દ્વારા તપાસણીને આધીન રહેશે.

૨૪. બિલો રજૂ કરતી વખતે – (૧) સંસ્થાનો ફોર્વર્ડિંગ લેટર (૨) અકાદમીનો મંજૂરી પત્ર (૩) નિમંત્રણ કાર્ડ-પ્રમાણપત્રની નકલ અને પ્રમાણપત્ર આપેલ વ્યક્તિઓની યાદી (૪) કાર્યક્રમના ફોટોગ્રાફ અને વીડિયો સીડી (૫) કાર્યક્રમનો ટૂંકો અહેવાલ (૬) ખર્ચના બિલોની સમરી (૭) સમરી મુજબનાં તમામ બિલોની નકલ પર સંસ્થાના વડાના સહી-સિક્કા કરીને બિલો રૂ. ૫૦૦/-થી વધારે રકમના હોય તેની પાછળ આ ખર્ચ ત્રણ સ્પર્ધાત્મક ભાવ મેળવી કરવામાં આવેલ છે તે અંગેનાં પ્રમાણપત્ર રાખ્યાં છે અને અકાદમીમાં તેની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે, તે અંગેનું પણ એક પ્રમાણપત્ર અલગથી લેટરપેડ પર આપવાનું રહેશે. (૮) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું યુટિલાઈઝેશન સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે.

૨૫. મંજૂર કરવામાં આવેલ કાર્યક્રમ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન યોજવાનો રહેશે.

૨૬. આર્થિક અનુદાન જે હેતુસર આપવામાં આવ્યું છે તે હેતુસર અનુદાનની રકમ વાપરવાની રહેશે.

૨૭. **અકાદમીના મુખપત્ર 'શબ્દસૃષ્ટિ'નું લવાજમ સંસ્થાએ ન ભર્યું હોય તો એ ભરવાનું રહેશે.**

૨૮. ઉપરોક્ત શરતો અને નિયમો સંસ્થાને માન્ય હોય તો જ પરિસંવાદનું આયોજન કરવાની મંજૂરી આપવામાં આવશે. જે તે સંસ્થાએ ઉક્ત નિયમો અને શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.